# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-12-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## Veer Bal Divas

આજે રાજ્યભરમાં વીર બાળ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદના થલતેજ ગુરુદ્વારામાં પુજા અર્ચના કરી હતી અને લંગર પ્રસાદનું વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ આ મુજબ જણાવ્યુઃ

## (BYTE - CM GURUDWARA)

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, સાહિબજાદા જોરાવરસિંહજી અને સાહિબજાદા ફતેહસિંહજીની સ્મૃતિમાં સિદ્ધપુરમાં ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીમાં વીર બાળ દિવસ મનાવવામાં આવ્યો. કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે  બાળકોને ગુરુ ગોવિંદસિંહજીના જીવન ચરિત્ર તથા તેમના પુત્રોનાં બલિદાન વિશે માહિતી આપી હતી.

--------------------

## Bal Puraskar Ahmedabad Boy

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં અમદાવાદના રહેવાસી ઓમ જિજ્ઞેશ વ્યાસને  પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યો હતો. 17 વર્ષીય ઓમ દિવ્યાંગ છે, તેમને કળા તેમજ સંસ્કૃતિ ક્ષેત્રે આ પુરસ્કાર એનાયત કરાયો છે. ઓમ  વ્યાસને 2000 સંસ્કૃત શ્લોક કંઠસ્થ છે, જેમાં સુંદરકાંઠ તથા ભાગવદ્ ગીતાના શ્લોકોનો સમાવેશ થાય છે.  ઓમને સુંદરકાંઠ તથા ભાગવદ્ ગીતાના શ્લોકો, હનુમાન

ચાલીસા શિવમહિમ્ન સ્ત્રોત, શિવમાનસ પુજા, રામ રક્ષાસ્ત્રોત, શિવ તાંડવ, ગાયત્રી મંત્રી, ગાયત્રી ચાલીસા, સાંઇ ભવાની કંઠસ્થ છે.

-----------------------------------

## Junagarh Sakkabag Tiger

કેન્દ્ર અને રાજ્ય સરકારના વન્ય પ્રાણી આદાન-પ્રદાન યોજના અંતર્ગત જુનાગઢ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયને સફેદ વાઘની જોડી આપવામાં આવી છે. સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાંથી સિંહ અને સિંહણને રાજકોટ પ્રદ્યુમન પાર્કમાં મોકલવામાં આવ્યા છે જેની સામે રાજકોટ પ્રદ્યુમન પાર્કમાંથી સફેદ વાઘ અને સફેદ વાઘણ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં આવ્યા છે.

મુખ્ય વન સંરક્ષક અક્ષય જોશીના જણાવ્યા મુજબ આ વાઘ દંપતિનું 21 દિવસનું ક્વોરન્ટાઇન પૂર્ણ થઈ જતા આજથી પ્રવાસીઓ માટે તેમને નિહાળી શકશે, તેમને પાંજરાને બદલે કુદરતી વાતાવરણમાં એટલે કે પ્રાણી સંગ્રહાલયના સફારી પાર્કમાં રાખવામાં આવ્યા છે.

-----------------------------------

## Godhra-Anand Railway Block

ગોધરા-આણંદ રેલવે સેક્શન પર રેલવે ટ્રેક ડબલીંગની કામગીરી ચાલી રહી છે. આગામી સમયમાં ગોધરા અને વાવડી ખુર્દ સ્ટેશન વચ્ચે ડબલીંગના નોન ઇન્ટરલોકિંગ કામને કારણે રેલવે વિભાગ દ્વારા ૧૧ દિવસનો બ્લોક લેવામાં આવ્યો છે, જેને કારણે આણંદ-ગોધરા મેમુ ટ્રેન અને ગોધરા-આણંદ મેમુ ટ્રેન આજથી 5 જાન્યુઆરી સુધી રદ રહેશે અને વેરાવળ- ઈન્દોર મહામના એક્સપ્રેસ તારીખ પહેલી જાન્યુઆરીએ વાયા ગેરતપુર, આણંદ, બાજવા, છયાપુરી ગોધરા રુટ પર ડાયવર્ટ કરીને ચલાવવામાં આવશે.

------------------------------------

## Swmming Compitition

મહેસાણાની સાર્વજનિક સાયન્સ કોલેજની વિદ્યાર્થીનીની સ્વિમિંગમાં ઓલ ઇન્ડિયા યુનિવર્સિટી સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં પસંદગી કરવામાં આવી છે. ચેન્નાઈ ખાતે સાઉથ વેસ્ટ ઝોન ઇન્ટર યુનિવર્સિટીની સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં મહેસાણાની પ્રીષાની ૧૦૦ અને ૨૦૦ મીટર બટર ફ્લાય અને ૧૫૦૦ મીટર ફ્રી સ્ટાઇલ વિભાગમાં પસંદગી થઇ છે.

------------------------------------

# PORBANDAR RAMAKDA

પોરબંદરની પ્રાથમિક શાળાના શિક્ષકે છાણમાંથી બનાવેલા રમકડાંની રાષ્ટ્રીયકક્ષાએ પસંદગી થઈ છે. મધ્યપ્રદેશમાં ભોપાલની રાષ્ટ્રીયકક્ષાએ ક્ષેત્રિય શિક્ષણ સંસ્થાન ખાતે યોજાયેલી પાંચ દિવસની કાર્યશાળામાં ગુજરાત, મધ્યપ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર, છત્તીસગઢ અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણ-દીવે ભાગ લીધો હતો.

નવી શિક્ષણ નીતિમાં શિક્ષણ સાથે રમકડાં અને કઠપૂતળીનો શિક્ષણમાં ઉપયોગ થાય તે હેતુથી આ કાર્યશાળા યોજાઈ હતી, જ્યાં પોરબંદર જિલ્લામાંથી રાણાવાવ તાલુકાની આદિતપુરા પ્રાથમિક શાળાનાં ભાષા શિક્ષક ડૉ. પ્રજ્ઞા જોષીની પસંદગી ગોબરના રમકડાં માટે કરવામાં આવી હતી. તેમણે ગોબરના પ્રાચીન રમકડાં બનાવ્યાં હતાં, જેનો ઉપયોગ બાળકોના સ્વાસ્થ્ય માટે સારો ગણવામાં આવે છે.

---------------

# WEATHER

રાજ્યના કેટલક જિલ્લાઓમાં આજે હવામાનમાં પલટો આવતા વાતાવરણ વાદળછાયું થયું છે. હવામાન વિભાગે  આજે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, નર્મદા તાપી ડાંગ ઉપરાંત સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથમાં છૂટ છવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

અમારા મહીસાગર જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે આજે જિલ્લામાં સતત પાંચમા દિવસે વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. આ કારણે ખેતરમાં વાવેતર કરવામાં આવેલા પાકમાં જીવાત પડવાની સ્થિતિ અંગે ખેડૂતોની ચિંતા વધી છે.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે જિલ્લામાં ગાઢ ધુમ્મસના કારણે ઝીરો વીઝીબીલીટી થતાં પૂનાથી આવેલી ફ્લાઇટને ઉતરાણ કરવાની સમસ્યા થઇ હતી. ખાનગી એરલાઇન્સની ફ્લાઇટને હવામાં 5 વખત ચક્કર લગાવવા પડ્યા હતા.

-----------------------------------